**પરીપત્ર**

**વિષય :** QPDS (Question Paper Delivery System) પદ્ધતિ અંગેની મીટીંગ રાખવા બાબત.

**સંદર્ભ :** અત્રેની યુનિવર્સિટીના પરીપત્ર ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૭૧૯/૨૦૨૪, તા.૧૭/૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષયે અત્રેની યુનિવર્સિટી સ્થિત ભવનના વડાશ્રીઓ, સંલગ્ન સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના આચાર્યશ્રીઓને માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી આગામી સમયમાં યોજાનાર પી.જી./બી.એડ./એલએલ.બી. સેમ.-૧ અને પી.જી./બી.એડ./એલએલ.બી. સેમ.-૩ની પરીક્ષામાં QPDS (Question Paper Delivery System) પદ્ધતિ અમલી કરવાની હોય એટલે કે અત્રેની યુનિવર્સિટી દ્વારા પરીક્ષાના પેપર જે-તે પરીક્ષા કેન્દ્રને QPDS (Question Paper Delivery System) પદ્ધતિ મારફત મોકલવામાં આવશે અને જે-તે પરીક્ષા કેન્દ્ર દ્વારા પેપરનું પ્રિન્ટીંગ કરવાનું રહેશે.

વધુમાં જણાવવાનું કે, ઉપરોક્ત પદ્ધતિ અંગે આપશ્રીને માહીતગાર કરવા તેમજ આપની કક્ષાએથી ઉપરોક્ત બાબત અંગે જો કોઇ પ્રશ્ન હોય તો તેના નિરાકરણ અને યોગ્ય અમલવારી સારુ અત્રેની યુનિવર્સિટી ખાતે નીચે મુજબની તારીખમાં એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. જેને અનુલક્ષીને આ સાથે સામેલ લીસ્ટ મુજબની કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ એક ટેકનિકલ સ્ટાફ સાથે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

| મીટીંગની તારીખ અને સમય | મીટીંગનું સ્થળ |
|---|---|
| તારીખ : ૧૬/૧૧/૨૦૨૪<br>સમય : બપોરે ૦૩:૩૦ કલાકે | કોન્ફરન્સ હોલ,<br>ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |

ડૉ. ડી. એમ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

**બીડાણ : (૧) QPDS સંબંધિત સુચનાઓ**
**(૨) પરીક્ષા કેન્દ્રોની યાદી**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૭૯૮/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૩/૧૧/૨૦૨૪

પ્રતિ, યુનિવર્સિટી ભવનના વડાશ્રીઓ, સંલગ્ન સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ....

નકલ રવાના :-
(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)
(૨) સીસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા તેમજ યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અર્થે)

## પેપર ડાઉનલોડ કરવા સંબંધી સુચનો:

| | |
|---|---|
| (૧) | અત્રેની યુનિવર્સિટી તરફથી bknmuqpds@gmail.com પરથી આપની કોલેજ(પરીક્ષા કેન્દ્ર)ના ઇ-મેઇલમાં લોગીન કરવા માટેના યુઝર આઇ.ડી. અને પાસવર્ડ મોકલવામાં આવશે. યુઝર આઇ.ડી. અને પાસવર્ડ આપના દ્વારા સાચવીને રાખવાના રહેશે અને જ્યારે પેપર ડાઉનલોડ કરવાનું થાય ત્યારે તેનો ઉપયોગ કરવાનો રહેશે. |
| (૨) | અત્રેની યુનિવર્સિટીના સોફ્ટવેરના URL: https://bknmuqpds.icrp.in/ પર જઇ આપને મળેલ યુઝર આઇ.ડી. અને પાસવર્ડ એન્ટર કરી લોગીન કરવાનું રહેશે. |
| (૩) | પરીક્ષા શરૂ થવાના એક કલાક પહેલા પેપર ડાઉનલોડ કરી શકાશે. આપના પરીક્ષા કેન્દ્રોમાં જે-તે તારીખે જે વિષયની પરીક્ષા હોય તે વિષયનું પેપર પસંદ કરી સ્ક્રીનની ડાબી બાજુ પેપર ડાઉનલોડ બટન હશે તેના પર ક્લિક કરી પેપર ડાઉનલોડ કરવાનું રહેશે. |
| (૪) | ડાઉનલોડ કર્યા બાદ પ્રશ્નપત્રની PDF પાસવર્ડ પ્રોટેક હશે જેનો OTP આપની કોલેજ(પરીક્ષા કેન્દ્ર)ના ઇ-મેઇલમાં જ આવશે. જે OTP નાખ્યા બાદ પ્રશ્નપત્ર ખુલશે અને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ જરૂરીયાત મુજબ પ્રિન્ટ/ઝેરોક્ષ કોલેજના સ્ટ્રોંગરૂમ ખાતે જ કરવાની રહેશે. |
| (૫) | **જે પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હશે તે પ્રશ્નપત્ર પ્રિન્ટ કરવા માટે વધુ સમય ફાળવવામાં આવશે.** |
| (૬) | **જે પ્રશ્નપત્રમાં કુલ પેજની સંખ્યા ૨ થી વધુ હશે, તેવા પ્રશ્નપત્ર અત્રેની યુનિવર્સિટી ખાતેથી પ્રિન્ટ કરી મોકલવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. (અર્થાત : ૧ અથવા ૨ પેજના પ્રશ્નપત્ર કોલેજ ખાતે પ્રિન્ટ કરવાના રહેશે.** |
| (૭) | **પ્રશ્નપત્ર પ્રિન્ટ કરવા માટે પ્રતિ પેઈઝ ત્રણ રૂપિયા (સિંગલ અથવા આગળ પાછળના ભાવ) પ્રમાણે પરીક્ષા કેન્દ્રને ચૂકવણુ કરવામાં આવશે.** |

## કોલેજને ધ્યાનમાં લેવાની બાબતો:

| | |
|---|---|
| (૧) | પરીક્ષા કેન્દ્રોએ પેપરના પ્રિન્ટીંગ માટે CCTV કેમેરા ધરાવતો એક સ્ટોંગરૂમ રાખવાનો રહેશે. પરીક્ષાને લગતી પ્રિન્ટીંગની તમામ કામગીરી સ્ટોંગરૂમમાં જ કરવાની રહેશે. |
| (૨) | પરીક્ષા કેન્દ્રોએ પરીક્ષાર્થીની સંખ્યા મુજબના QPDS પ્રશ્નપત્રો ડોટ મેટ્રિક પ્રિન્ટર સીવાયના સારી સ્પીડ ધરાવતા પ્રિન્ટરનો ઉપયોગ કરીને સમયસર પ્રિન્ટ કરીને જરૂરીયાત મુજબ સેટ બનાવીને પરીક્ષાર્થીઓને નિર્ધારીત સમયે આપવાના રહેશે. |
| (૩) | QPDS મારફત ડાઉનલોડ કરવામાં આવેલ પ્રશ્નપત્ર પાસવર્ડ દ્વારા ખોલવાથી લઇ પ્રિન્ટ સુધીની તમામ કાર્યવાહીનું રેકોર્ડીંગ કરવાનું રહેશે તેમજ તેને CD સ્વરૂપે સાચવીને રાખવાનું રહેશે. જો યુનિવર્સિટી દ્વારા CCTV કેમેરાનું રેકોર્ડીંગ મંગાવવામાં આવે તો યુનિવર્સિટી ખાતે રજુ રાખવાનું રહેશે. |
| (૪) | QPDS પ્રશ્નપત્ર પ્રિન્ટઆઉટથી પરીક્ષાર્થીઓને પ્રશ્નપત્ર આપવા સુધીના સમયગાળામાં પરીક્ષા કેન્દ્રના આચાર્યશ્રીઓ અથવા અધિકૃત વ્યક્તિઓએ QPDS પ્રશ્નપત્ર તેમજ ઇ-મેઇલ મારફત મોકલવામાં આવેલ OTP ની ગોપનીયતા અચુકપણે જાળવવાની રહેશે. |

| | |
|---|---|
| (૫) | જો કોલેજ દ્વારા પાસવર્ડ ભુલાય/મળેલ ના હોય તેવા સંજોગોમા વેબસાઇટ લિંક પર Forget Password પર ક્લિક કરી જરૂરી વિગતો ભરી પાસવર્ડ મેળવવાનો રહેશે. |
| (૬) | પ્રિન્ટર, ઇન્ટરનેટ, વીજળી.... વગેરેમાં વિક્ષેપ ના આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે તેમજ તેના વિકલ્પે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા જેવી કે, વધારાનું પ્રિન્ટર, બેટરી બેકઅપનું આયોજન અચુકપણે અગાઉથી જ કરવાનું રહેશે તેમજ જરૂરી કાગળ/સ્ટેશનરીનો સ્ટોક પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર રાખવાનો રહેશે. |

**પરીક્ષા કેન્દ્રોની યાદી :**

**નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોએ, કોલેજના લેટરપેડ પર કોલેજના આચાર્યશ્રીનું નામ, મોબાઇલ નંબર, કોલેજનું ઇ-મેઇલ આઇ.ડી. તેમજ સોફ્ટવેરને લગતી ટેકનિકલ કામગીરી સંભાળનાર કર્મચારીનું નામ તેમજ મોબાઇલ નંબર લખી મીટીગમાં ઉપસ્થિત રહેવાનું રહેશે તેમજ કોલેજનો લેટરપેડ પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનો રહેશે.**

| | | | |
|---|---|---|---|
| 1. | ALL DEPARTMENT, BKNMU, JUNAGADH | 13. | MAHILA ARTS & COMMERCE COLLEGE, VERAVAL |
| 2. | J.J.C. EDU. TRUST SANCHALIT COMM. COLLEGE, JUNAGADH | 14. | CHOKSI ARTS & COMMERCE COLLEGE, VERAVAL |
| 3. | J.J.C. EDUCATION TRUST SANCHALIT LAW COLLEGE, JUNAGADH | 15. | GOVERNMENT SCIENCE COLLEGE, VERAVAL |
| 4. | DR. SUBHASH MAHILA ARTS, COMM. & HOME SCI. COLLEGE, JUNAGADH | 16. | SAVJANI B.B.A., COMPUTER COLLEGE, VERAVAL |
| 5. | BAHAUDDIN ARTS COLLEGE, JUNAGADH | 17. | SHRI H.M.V. ARTS & COMM. COLLEGE, UNA |
| 6. | BAHAUDDIN SCIENCE COLLEGE, JUNAGADH | 18. | UNA TALUKA KELAVANI MANDAL SANCHALIT, MAHILA ARTS COLLEGE, UNA |
| 7. | MATASHREE JAMANABA SHAMJIBHAI GODHANI MAHILA ARTS & COMM COLLEGE, JND | 19. | DR. V.R. GODHANIYA MAHILA ARTS, COMM. HOME SCI. & I.T. COLLEGE, PORBANDAR |
| 8. | ARTS, COMM. & COMPUTER SCI. COLLEGE, MANAVADAR | 20. | SHRI D.D. KOTIYAVALA MUNICIPAL LAW COLLEGE, PORBANDAR |
| 9. | N. P. ARTS & COMM. COLLEGE, KESHOD | 21. | K.H. MADHVANI ARTS & COMM. COLLEGE PORBANDAR |
| 10. | KU. A. B. GARDI GRAM MAHAVIDHYALAY, SHARDAGRAM | 22. | SHREE SARDAPEETH ARTS, COM. & COLLEGE OF EDUCATION, DWARKA |
| 11. | SHRI J. S. PARMAR ARTS & COM. COLLEGE, KODINAR | 23. | GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, KHAMBHALIYA |
| 12. | GOVERNMENT ARTS & COMMERCE COLLEGE, TALALA | | |